Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# ઘાટલોડિયા-નવાવાડજ વિસ્તારમાં આવેલ શાળા ગ્રંથાલયો અને ગ્રંથપાલો દ્વારા વિદ્યાર્થીઓની વાંચનટેવ વિકસાવવા માટે અમલમાં મુકેલ શ્રેષ્ઠ પ્રણાલીઓ-એક અભ્યાસ

**અશ્વિન એન. ભાવસાર**
**પ્રોફેશનલ આસિસ્ટન્ટ,ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી,**
**ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ.**

**પ્રસ્તાવના**

છોડ નાનો હોય ત્યાં સુધી જેમ વાળવો હોય તેમ વળી જાય. તેવી જ રીતે શૈશવ અવસ્થામાં જે ઘડતર થવાનું, જે ટેવો નિર્માણ થવાની તે, આજીવન રહેવાની. તેથી વિદ્યાર્થી અવસ્થા કેળવણી માટે મહત્ત્વની પુરવાર થાય છે. તેના ઘડતરમાં શાળા અને શાળામાં આવેલું ગ્રંથાલય અને તેનો ગ્રંથપાલ સૌથી વધુ વિદ્યાર્થી ઘડતરમાં ફાળો આપી શકે છે. વાંચન એ આજીવન અધ્યયન અને જ્ઞાનપ્રાપ્તિ માટેનું અગત્યનું અને પાયાનું સાધન છે. વાચન વ્યક્તિને અનૌપચારિક રીતે અશિક્ષિત શિક્ષણ મેળવવાને સ્વતંત્રતા અર્પે છે. ઈષ્ટ વાચન વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહારમાં સુધારો લાવી તેને સભ્ય સમાજનો રાહ ચીંધે છે. વાચન-મનનથી અનેક મહાન વ્યક્તિઓ જેમકે મહાત્મા ગાંધીજી, માર્ટિન લ્યુથર, કીંગ, અબ્રાહમ લિંકન, ડૉ. અબ્દુલ કલામ વગેરેના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યા છે. "સુસંસ્કૃત બનવાનો રાજમાર્ગ એક જ છે" વાંચન, મહાત્મા ગાંધીજીની દૃષ્ટિએ "જેને પુસ્તક વાંચનો શોખ છે તે સર્વત્ર સુખી રહી શકે છે." વાચન એ વ્યક્તિનું ત્રીજુ નેત્ર છે. પ્રત્યેક સુંદર પુસ્તક એક નાનકડી યુનિવર્સિટી છે. અનેક સદીઓનું ડહાપણ પુસ્તકોમાંથી માણસને પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓમાં કાયમી જ્ઞાન જીવનપર્યંત ટકી રહે તેવી ક્ષમતા પુસ્તકો ધરાવે છે. ઘડતરલક્ષી વાચન માણસની પોતાની ક્ષમતા વધારવાનો હાથવગો કિમીયો છે. વાચન એક સચોટ અને અસરકારક માધ્યમ છે અને આ વાચન ટેવ પુસ્તકો અને માહિતી સ્રોતોનો સંસર્ગ જે ગ્રંથાલયો દ્વારા આજીવન કેળવી શકાય છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારમાં આવેલ શાળા ગ્રંથાલય અને ગ્રંથપાલો દ્વારા વિદ્યાર્થીઓની વાચનટેવ વિકસાવવામાં કઈ શ્રેષ્ઠ પ્રણાલીઓ અમલમાં મુકવામાં આવેલ છે, તે સંદર્ભે વિવરણ આપવામાં આવેલ છે.

**સંશોધનનો હેતુ**

(૧) ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારની માધ્યમિક શિક્ષણની સુવિધાઓનો વિકાસ જાણવો.
(૨) ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારની શાળાના ગ્રંથાલયોના ગ્રંથપાલોની શૈક્ષણિક લાયકાત જાણવી.
(૩) ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારની શાળાના ગ્રંથાલયના ગ્રંથસંગ્રહની સમૃદ્ધતા જાણવી.
(૪) ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારની શાળા ગ્રંથાલયો દ્વારા વાચનટેવ વિકસાવા માટે પ્રયોજવામાં આવેલ પ્રણાલીઓ જાણવી.

**સંશોધનનું વ્યાપ અને મર્યાદા**

પ્રસ્તુત સંશોધનનો વ્યાપ ઘાટલોડિયા અને નવાવાડજ વિસ્તારમાં આવેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રંથાલયો પુરતો સીમિત છે.

**અભ્યાસની સમષ્ટિ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધન સંદર્ભમાં કુલ ૧૬ ઉચ્ચતર માધ્યમિક શાળા ગ્રંથાલયોમાં પ્રશ્નાવલિ આપવામાં આવેલ હતી, જે આ અભ્યાસની સમષ્ટિ છે. તેમાંથી ૧૨ પ્રશ્નાવલિ ભરાઈને પરત એટલે કે ૭૫ ટકા આવેલ છે જે અભ્યાસનું નિદર્શ છે. જેના નામની યાદી નીચેની સારણીમાં જણાવેલ છે.

**સારણી નંબર-૧ : શાળાના નામની યાદી દર્શાવતી સારણી**

| ક્રમ | શાળાનું નામ | ક્રમ | શાળાનું નામ |
|---|---|---|---|
| ૧ | નૂતન વિદ્યાવિહાર | ૭ | ગણેશ વિદ્યાલય |
| ૨ | જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ | ૮ | ન્યુ વિદ્યાવિહાર ફોર ગર્લ્સ |
| ૩ | સર્વોદય વિદ્યામંદિર | ૯ | સ્વસ્તિક હાઈસ્કૂલ |
| ૪ | નાલંદા વિદ્યાલય | ૧૦ | સૌરભ હાઈસ્કૂલ |
| ૫ | ત્રિપદા ઈન્ટરનેશનલ સ્કૂલ | ૧૧ | ડી. પી. હાઈસ્કૂલ |
| ૬ | જ્ઞાનજ્યોત હાઈસ્કૂલ | ૧૨ | સાંકળચંદ પટેલ વિદ્યાવહાર |